પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૪ | ૨૪ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર ; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઘાસચારા કૌભાંડમાં લાલૂ દોષિત

**ત્રીજીએ સજાની ઘોષણા : પેન્ડિંગ રહેલા ઘાસચારા કૌભાંડના ચાર કેસો પૈકીના એકમાં ચુકાદો : ભરચક કોર્ટરૂમમાં ખાસ સીબીઆઈ જજ દ્વારા ચુકાદો જાહેર કરાયો : લાલૂને દોષિત જાહેર કરાયા બાદ સીધા બિરસામુંડા જેલમાં લઇ જવાયા : છ નિર્દોષ**



રાંચી,તા. ૨૩

લાલૂપ્રસાદ યાદવ પરિવારને આજે મોટો ફટકો પડ્યો હતો. બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ યાદવને ઘાસચારા કૌભાંડમાં વધુ એક મામલામાં રાંચીની સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. સજાની જાહેરાત હવે ત્રીજી જાન્યુઆરીના દિવસે કરવામાં આવનાર છે. અલબત્ત કોર્ટે ૨૨ આરોપીઓમાંથી પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત છ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. લાલૂ યાદવને રાંચી કોર્ટમાંથી સીધીરીતે બિરસામુંડા જેલમાં લઇ જવામાં આવ્યા હતા. ૧૯૯૬માં થયેલા આ કૌભાંડ સાથે જોડાયેલા એક મામલામાં ૨૦૧૩માં નિચલી અદાલતે લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કૌભાંડમાં એવા લોકો ઉપર અલગ અલગ છ કેસો ચાલી રહ્યા છે. લાલૂ ઉપરાંત આરોપીઓમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત વિદ્યાસાગર મિસાદ, આરકે રાણા, ધ્રુવ ભગત, આઈએએસ ઓફિસર મહેશ પ્રસાદ, બેક જુલિયસ સહિત ૨૨ લોકો સામે કેસ ચાલી રહ્યો હતો. કોર્ટમાં લાલૂની સાથે તેમના પુત્ર

● અનુસંધાન પાન-૭ પર

# સવાઈમાધોપુરમાં બસ નદીમાં ખાબકતા ૩૨ના મોત

**મૃતકો ધાર્મિક સ્થળ પર જઇ રહ્યા હતા : બચાવ-રાહત કામગીરી તરત હાથ ધરાઈ : ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આસામના શ્રદ્ધાળુના મોત**



જયપુર,તા. ૨૩

રાજસ્થાનના સવાઇ માધોપુરમાં આજે વહેલી સવારે એક બસ નદીમાં ખાબકી જતા ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. રાજસ્થાનમાં તાજેતરના સમયની સૌથી મોટી દુર્ઘટના હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પુલ પરથી આ બસ નદીમાં ખાબકી ગઈ હતી. સવાઈ માધોપુર જિલ્લામાં દુબી ખાતે આ બનાવ બન્યો હતો. સર્કલ ઓફિસર સુભાષ મિશ્રાએ માહિતી આપતા કહ્યુ છે કે કુલ ૨૭ લોકોના મૃતદેહો મળી આવ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે

● અનુસંધાન પાન-૭ પર

ખેતીની જમીન વેચવાની છે
4.7 વિઘા, પાલજ (ગાંધીનગર)
કાન્તીભાઈ પ્રજાપતિ
M. 93270 12473

RAJVEE FOOD CORNER ®
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800

આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો



brick by brick a dream has taken shape, visit with family to realize it ........ visits open till 9.00 pm
besides shivalay residency, opp. kanam-1, kudasan
RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217
શિવાલય PARISAR
5 Rooms + Kitchen + Dining
A Project By :
S.R INFRACON
exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666